અપીલ અરજી નં.૩૧ તા.૨૬–૪–૧૦/૧૧

અરજદારઃ– શ્રી હેમંત એન. દેસાઈ

સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)
ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન, કાયદાખાતુ
ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન)
ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછા,રાંદેરઝોન)
કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૨૫–૩–૧૦ની અરજીથી રહેઠાણવાળા વિસ્તારમાં કારખાના ચાલુ કરવામાં આવેલતે બાબતે જાહેર ન્યુસન્સ થતુ હોય તે બાબતે સુ.મ.પા.ની પ્રથમ કોર્ટમાં ૧૮૪૪/૨૦૦૭ થી કેસ દાખલ કરવામાં આવેલ આ કેસનું જજમેન્ટ કેસ દાખલ કરનારની તરફેણમાં આવેલ અને સુ.મ.પા.ની વિરૂધ્ધમાં આવેલ અને આ કેસને સુ.મ.પા. તરફથી આગળની ફાસ્ટ્રટ્રેક કોર્ટમાં ૪૬/૨૦૦૭ થી અપિલ કરવામાં આવેલ આ અપીલ બાબતે ફાસ્ટ ટ્રેક કોર્ટના જજ સાહેબ તરફથી સુ.મ.પા.નો સ્ટે/મનાઈ આપવામાં આવેલ છે. હા યા ના માં માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૬–૪–૧૦ ની **SMC/FAP/** નં.૩૧/૨૦૧૦–૧૧

શ્રી હેમંત એન. દેસાઈની તા.૨૫–૩–૧૦ની અરજીથી રહેઠાણવાળા વિસ્તારમાં કારખાના ચાલુ કરવામાં આવેલ તે બાબતે જાહેર ન્યુસન્સ થતુ હોય તે બાબતે સુ.મ.પા.ની પ્રથમ કોર્ટમાં ૧૮૪૪/૨૦૦૭ થી કેસ દાખલ કરવામાં આવેલ આ કેસનું જજમેન્ટ કેસ દાખલ કરનારની તરફેણમાં આવેલ અને સુ.મ.પા.ની વિરૂધ્ધમાં આવેલ અને આ કેસને સુ.મ.પા. તરફથી આગળની ફાસ્ટ્રટ્રેક કોર્ટમાં ૪૬/૨૦૦૭ થી અપિલ કરવામાં આવેલ આ અપીલ બાબતે ફાસ્ટ ટ્રેક કોર્ટના જજ સાહેબ તરફથી સુ.મ.પા.નો સ્ટે/મનાઈ આપવામાં આવેલ છે. હા યા ના માં માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૬–૪–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૮૫ તા.૧૦–૫–૧૦ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારીએ પક્ષકાર જાહેર માહિતી અધિકારી જણાવેલ ન હોઈ તથા માહિતી અને દાદની વિગતો જણાવેલ ન હોઈ તેમજ કોઈ તબદીલી મુળ અરજીની થયેલી હોય તો તે સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૨૨૦ તા.૧૧–૫–૧૦ થી અરજદારની અરજીની તબદીલી બાબતેના પત્રો , ફી ભર્યાની વિગત, આપેલ માહિતી પત્ર જાવક પીએડી/ આ.અ/પીઆઈ/૬૮ તા.૫–૫–૧૦ થી પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૨૫–૩–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબતે માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૯૦૯ તા.૩૧–૩–૧૦ થી કાર્યપાલક ઈજનેર તમામ ઝોન તથા પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૫૯ તા.૧૩–૪–૧૦ થી આરોગ્ય અધિકારી અને આસી. લો. ઓફિસર મધ્યસ્થને તબદીલ કરવામાં આવેલ. અરજદારે ૩૦ દિવસમાં પ્રતિભાવ મળેલ નથી અને સમય મર્યાદામાં માહિતી મળેલ નથી તેવું જણાવી તા.૨૬–૪–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. અપીલ અરજીમાં અરજદારે અપીલ તબકકે અપીલના આધાર ૧. માંગેલી માહિતી સમય મર્યાદા બાદ આપવામાં આવેલ છે શા માટે? ૨. માંગેલ માહિતી સુરત મહાનગરપાલિકાના લીગલ ડીપાર્ટમેન્ટ પાસે માંગવામાં આવેલ એટલે લીગીલ ડીપાર્ટમેન્ટેજ માહિતી આપવાની હોય છે પરંતુ મને જે માહિતી આપવામાં આવેલ છે જે ઈ. ચા. ડે.કમિશ્નર(હે અને હો) તરફથી આપવામાં આવેલ છે શા માટે મે તેમની પાસે માહિતી માંગેલ નથી. ૩. લીગલ ડીપાર્ટમેન્ટ પાસે માહિતી માંગેલ છે જે માહિતી મને મળશે ત્યાર બાદ અપીલ કરવાનો હક ઉભો રાખુ છુ. ૪. જયારે લીગલ ડીપાર્ટમેન્ટ પાસે તા.૨૫–૨–૦૮ ના રોજ આઈ ડી નં.૮૯૬ થી માહિતી માંગેલ ત્યારે મ. જાહેર માહિતી અધિકારી અને ઈ. ચા. કાયદા અધિકારીથી આસી. લો. નં.૫૫૫ તા.૧૨–૩–૦૮ થી માહિતી પૂરી પાડેલ છે તો આઈ ડી નં.૧૭૬૭ ની માહિતી શા માટે આપવામાં આવતી નથી. તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી અને આરોગ્ય અધિકારી અને ઈ. ચા. ડે.કમિશ્નર(હે અને હો) તરફથી જાવક નં.પીએચડી/આ.અ./પીઆઈ/૬૮ તા.૫–૫–૧૦ના રોજ " આ કેસો બાબતે ઓફિસના રેકર્ડ ઉપર કોઈ માહિતી ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. અરજદારને અપીલના મુદ્દા નં.૧ અંગે અરજદારને તા.૨૩–૪–૧૦ સુધીમાં માહિતી પૂરી પાડવાની હોય છે જેની જગ્યાએ જાહેર માહિતી અધિકારીએ વિલંબથી તા.૫–૫–૧૦ ના રોજ માહિતી પૂરી પાડેલ છે. જયારે બાકીના મુદ્દાઓ અંગે અરજદારે કોઈ પણ સત્તા મંડળને આરટીઆઈ એકટની કલમ–૬ (૧) હેઠળ અરજી કરે ત્યારે તે સત્તા મંડળે કે તેના વિભાગે તેને સ્પર્શતી માહિતી આપવાની હોય છે . જયારે માહિતી તેના કાર્યક્ષેત્ર

બહારની હોય ત્યારે અન્ય લાગત સત્તા મંડળ કે જાહેર માહિતી અધિકારીને અરજદારની જાણ હેઠળ આરટીઆઈ એકટની કલમ–૬(૩) હેઠળ તબદીલ કરવાની રહે છે. જે પ્રસ્તુત કિસ્સામાં પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/જાવક/૫૯ તા.૧૩–૪–૧૦ થી તબદીલ કરવામાં આવેલ છે. જે અંગે તબદીલ જાહેર માહિતી અધિકારી અને આરોગ્ય અધિકારીને સ્પર્શતી હોય તેમના તરફથી માહિતી આપવામાં આવેલ છે.

અરજદારે અરજીમાં નિર્દિષ્ટ કોઈ કેસના જજમેન્ટ કે દાદની કોઈ વિગતો મુળ અરજી સાથે કે અપીલ તબકકે માંગવા છતાં રજૂ કરેલ નથી. માંગેલ માહિતી અને તેનું વિષય વસ્તુ કયા જાહેર માહિતી અધિકારીને સ્પર્શે છે તે સુનિશ્ચિત કરવા અરજદારે પૂરી વિગતો સહ માહિતી માંગવી રહે પરંતુ તેમ કરેલ નથી. જેથી પક્ષકાર જાહેર માહિતી અધિકારી નકકી કરી શકતા નથી. તેમ છતાં સેન્ટ્રલઝોન ના મ. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી જાહેર ન્યુસન્સની માહિતીને અનુલક્ષી તમામ ઝોનના જાહેર માહિતી અધિકારી તથા આરોગ્ય કાયદાખાતાને અરજી તબદીલ કરેલ છે. તે પૈકી માત્ર આરોગ્ય ખાતાએ પ્રત્યુત્તર પાઠવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫–૩–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે અરજી તબદીલ થયેલ તમામ ઝોન તથા કાયદાખાતાના જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારની મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં દફતરી હકીકતલક્ષી માહિતીનો પ્રત્યુત્તર અરજદારને દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરો પાડવા તમામઝોનના જાહેર માહિતી અધિકારી તથા કાયદાખાતાના જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫ –૧૦

ડે.કમિશનર(જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ડે.કમિશનર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન, કાયદાખાતુ), ડે.કમિશનર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન), ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછા,રાંદેરઝોન),કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)...જાણ તથા અમલ માટે

(૨) શ્રી હેમંત એન. દેસાઈ